**માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫**
**ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી**
**માટે મહેકમ મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વહસ–૧૦૦૫–૨૨૪૧–આરટીઆઈ સેલ–ભાગ–૧,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ– ૧૮–૧૧–૨૦૦૮

***વંચાણમાં લીધાઃ–***

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૫–૧૦–૨૦૦૫નો ઠરાવ ક્રમાંકઃ વહસ–૧૦૦૫–૨૨૪૧–આર.ટી.આઈ. સેલ.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪–૧૧–૨૦૦૫નો ઠરાવ ક્રમાંકઃ વહસ–૧૦૦૫–૨૨૪૧–આર.ટી.આઈ. સેલ.

(૩) ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરનો તા.૨૧–૧૨–૨૦૦૬નો પત્ર ક્રમાંકઃ GIC-ADM-SEC-NO.565-06-07.

(૪) નાણા વિભાગનું તા.૨૦–૦૯–૨૦૦૭નું મેમોરેન્ડમ ક્રમાંકઃ CNF-1107-334-K.

(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૭–૦૯–૨૦૦૭નો સમાનાંકી ઠરાવ.

(૬) કાયદા વિભાગનો તારીખ વગરનો પત્ર ક્રમાંકઃ મહક–૧૦૨૦૦૮–૭૬૨–ફ.

**સુધારા ઠરાવ :**

ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક–(૫) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭–૦૯–૨૦૦૭ના સમાનાંકી ઠરાવથી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે જુદા જુદા સંવર્ગની વધારાની કુલ–૩૫ નવી જગ્યાઓ તેની સામે દર્શાવેલ ભરતી પધ્ધતિ મુજબ ભરવાની શરતે મંજૂર કરવામાં આવેલ. સદર સમાનાંકી ઠરાવના ક્રમ–(૪) માં દર્શાવ્યા મુજબ કાયદા અધિકારીની રૂા.૬૫૦૦–૧૦૫૦૦/–ના પગાર ધોરણવાળી કુલ–૩ જગ્યાઓ સચિવાલયમાંથી પ્રતિનિયુકિતથી ભરવાની શરતે મંજૂરી આપવામાં આવેલ. સદર સમાનાંકી ઠરાવમાં દર્શાવેલ કાયદા અધિકારીની જગ્યાઓ ભરવાની પધ્ધતિમાં આથી નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ | પગાર ધોરણ | મંજૂર થયેલ જગ્યાની સંખ્યા | જગ્યા ભરવાની પધ્ધતિ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| (૪) | કાયદા અધિકારી | રૂા.૬૫૦૦–૧૦૫૦૦ | ૩ | સચિવાલયમાંથી પ્રતિનિયુકિતથી,<br>અથવા<br>કાયદાની લાયકાત અને અનુભવ ધરાવતાં નિવૃત્ત અધિકારીને પે માઈનસ પેન્શનની સામાન્ય વહીવટ વિભાગની સૂચનાઓ પ્રમાણે રાખી શકાશે,<br>અથવા<br>કાયદાની લાયકાત અને જરૂરી અનુભવ ધરાવતી વ્યકિતને રૂા.૨૦,૦૦૦/-ના ફીકસ પગારથી કરારના ધોરણે આ સાથેના પરિશિષ્ટ–૧માં જણાવેલ બોલીઓ અને શરતોને ધ્યાને લઈ રાખી શકાશે. |

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭-૦૯-૦૭ના સમાનાંકી ઠરાવમાં દર્શાવેલ બાકીની તમામ વિગતો, શરતો અને બોલીઓ વિગેરે સઘળી બાબતો યથાવત રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગની તા.૦૧-૧૧-૨૦૦૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સી.એસ. ઉપાધ્યાય)**
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- ➢ માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ~~માનનીય શ્રી અશોકભાઈ ભટ્ટ, માન.મંત્રીશ્રી કાયદો, ન્યાયતંત્ર, આ.પ.ક., વૈ. અને સં.બા. સ્વૈ.સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજ.પ્રભાગ, સચિવાલય, ગાંધીનગર.~~
- સર્વે માન.મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (વસુતાપ્ર), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૮, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- નાણા વિભાગ, ક-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, ગ.૨, ખ.૧ અને ખ.૩ શાખાઓ.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.
- કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેટક ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ

---

➢ **પત્ર ધ્વારા**